પશુ વૈદ્ય વિદ્યા—પ્રથમ પુસ્તક.

ઢોરના ચેપી રોગ.

અને તે

અટકાવવાના ઇલાજ.

૪૫૨

જાને જે સુખદા સદા, તે પશુનું દુઃખ જોય;
દયા ન ધરે દિલ વિષે એવો અસુર ન કોઈ.

રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ
સી. આઈ. ઈના અનુમતથી.

બનાવનાર,
જમનનાથ વિ. કેશવરામ ભટ્ટ.
મુંબાઈની વેટેરીનરી કોલેજનો ગ્રેજ્યુએટ.
અને
અમદાવાદની વેટેરીનરી હોસ્પીટલનો ડાક્ટર.

ગ્રંથકર્તાએ સર્વ હક પોતાને સ્વાધીન રાખ્યા છે માટે કર્તાની
રજા શિવાય કોઇએ છાપવું યા છપાવવું નહીં.

અમદાવાદ
[illegible]કમાં ગોળવાળાંની પોળે “ વિજયપ્રવર્તક” પ્રેસમાં [illegible]

આવૃત્તી પહેલી
સને ૧૮૯[illegible]

કીંમત [illegible]

પ્રસ્તાવના.

ગુજરાતમાં ઘણીખરી વખત જાનવરોમાં ચેપી રોગો ફેલાયછે અને હજારો જાનવરો એવા રોગના ભોગ થઈ પડવાથી દેશને લાખો રૂપૈઆનું નુકસાન થાયછે. ઘણાં જાનવરોના મરી જવાથી ખેડુતો કંગાલ હાલતમાં આવી પડેછે ને એની ખેડવામાં ઘણી ઘણી અડચણો ભોગવવી પડેછે. ખેતી સારૂ જોઈએ તેટલું ખાતર પણ મળી શકતું નથી. એવાં કારણોને લીધે ખેતી જોઈએ તેવી ખેડાતી નથી ને પાક ઓછો ઉતરેછે. તેથી સરકારને મેહેસુલ થોડું ઉપજેછે એટલુંજ નહીં પરતું પાક ઓછો હોવાને લીધે તેમજ દુધની ખોટ પડવાથી અનાજ વિગેરે ઘણું મોંઘુ થાયછે. આવી રીતે મોંઘવારીથી ગરીબ લોકોને ભૂખે મરવાનો વખત આવેછે. આ નાની ચોપડીમાં જેમ બને તેમ સેહેલી ભાષા વાપરવામાં આવીછે ને ગુજરાતમાં જે જે ચેપી રોગો ઘણી ખરી વખત ઢોરોને થતા જોવામાં આવેછે અને જેનાથી સામાન્ય રીતે દેશને ઘણું નુકશાન વેહેવું પડેછે એટલુંજ નહીં પરંતુ તેમાંના કેટલાક રોગના ઉપદ્રવથી કોઈ કોઈ વખતે માણસો ઉપર પણ માઠી અસર થાયછે, તેવા રોગોનું ટુંક વર્ણન તથા તેનો વધુ ફેલાવો નહીં થાય તેને માટે સેહેલા અને બની શકે તેવા ઉપાયો લખવામાં આવ્યાછે. જ્યારે જ્યારે ચેપી રોગનો ફેલાવ થાય ત્યારે ત્યારે ઢોરના માલીકો આ નાનાં પુસ્તકની મદદથી પોતાનાં જાનવરોને રોગથી મુક્ત કરવાને અગર સપડાતા બચા-

'ક્તિવાન થશે અને તેમ થ તો સામાન્ય રીતે દેશને ફાયદો થશે

હીં પરંતુ ખેડુતોને નિરાધાર થવાનો વખત પણ ભાગ્યેજ આવશે

રાખુંછુ કે આ ચોપડીનો જેમ બને તેમ બહોળો વિસ્તાર

-ગો લક્ષ આપશે.

જ. કે. ભટ્ટ.

ઢોરના ચેપી રોગ.

અને તે

અટકાવવાના ઈલાજ.

ઉપોદ્ઘાત. ૪૮૪૨

આ નાની ચોપડી બનાવવાનો હેતુ એછે જે ગુજરાતમાં જાનવરોમાં
ચેપી રોગો ઘણીખરી વખત જોવામાં આવેછે અને તેનાથી ઢોરોના
માલીકો ઘણે દરજ્જે અજાણ્યા હોવાથી સેંકડો ને હજારો જાનવરો હેરાન
થઈ મરણ પામેછે, માટે રોગોનો ફેલાવ થતો અટકાવવાને તથા પોતાના
જાનવરને હરકોઈ રોગ થયો હોય તો તે મટાડવાને ઉપયોગી થઈ પડે. ચેપી
રોગો પેદા થવાનાં ઘણાં કારણો છે. પણ તેમાંનાં મુખ્ય કારણો દરેક રોગની
જણાવ્યાંછે તે ઉપરથી સાફ માલમ પડશે કે જો જાનવરોના માલિકો
પોતાના ઢોરની કાળજીથી સંભાળ રાખે તો ચેપી રોગ ભાગ્યેજ પેદા
દરેક રોગને ઓળખવાને માટે મુખ્ય મુખ્ય ચિન્હ આપ્યાંછે માટે જ્યારે
વરોને કોઈ પણ રોગ થયો હોય તો તે રોગ ચેપીછે કે નહીં તે નક્કી
આ ચોપડીની મદદ લેવી. ચેપી રોગછે એમ નક્કી કર્યા પછી તે રોગ મ[illegible]
ડવા માટે આ ચોપડીમાં બતાવ્યા પ્રમાણે [illegible] કરવી જરૂરનીછે. અને
વધુ ફેલાવ ન થાય તેને માટે એ ચોપડીમાં જે [illegible] નિયમો ચેપી રોગ
કાવવાને માટે આપ્યાછે તેનો બરાબર સમજુતીથી અમલ કરવાને ગો[illegible]
કરવી જોઇએ. ઘણાખરા ચેપી રોગની માઠી અસર માણસો ઉપર દુધ,
વિગેરે મારફતે થાયછે, માટે જે જે રોગમાં દુધ, માંસ ખાવાની મ[illegible]ન
તે ધ્યાનમાં રાખવું અતિ જરૂરનુંછે. અને જે રોગમાં દુધ, માંસ
અડચણ થતી નથી તોપણ તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવા પેહે
સારી રીતે ઉકાળી ગાળવું જોઈએ ને માંસને ઘણી વારસુધી ઉકળ[illegible]
માં રાખી બાફવું જોઇએ. પણ સૌથી સારૂં એછે જે ચેપી રોગવ[illegible]
વરોનું દુધ, માંસ ખાવું નહીં કારણકે રોગ થવાને લીધે એ [illegible]
પુષ્ટિકારક તત્વછે તે ઘણે દરજ્જે ઓછાં થઈ [illegible]
જાનવરોની સાથે જેઓને [illegible] સંબંધ છે [illegible]
[illegible]

...ાન આ ચોપડી વાંચ્યા પહેલાં જાનવરોની તનદુરસ્ત સ્થિતિના લક્ષણ જાણવાં એ અગત્યનું છે.

જાનવરોની તનદુરસ્ત હાલતનાં લક્ષણ—કાન, પગ, શિંગડાંને શરિરની એકંદર સપાટી બહુ ગરમ કે ઠંડી હોતી નથી. કાન વગર અડચણે હાલ્યા કરેછે. આંખ હમેશાં પારદર્શક રહેછે ને ચાલાકીથી હાલ્યા કરે છે જાણે કે તેની આસપાસ જે થતું હોય તે જોયા કરેછે. આંખ, નાક, અને મોઢામાંથી પાણી કે ફિણ નીકળતું નથી. જાનવર ખુશીથી ખાયછે, પાણી પીએછે ને હમેશાં વાગોળ્યા કરેછે. જેવી જાતનો ખોરાક તેવા રંગનું બહુ ઢીલું તેમ કઠણ નહીં એવું નિરોગી છાણ અઘેછે. પિશાબ બહુ પીળો કે લાલ હોતો નથી. શરિરની ચામડી ઢીલી રહેછે ને તે ઉપરના વાળ ચકચકતા, સફાઈદારને લીસા જણાયછે.

ઉપર પ્રમાણેના ચિન્હોમાંથી જો એક બે કે તેથી વધારે ચિન્હમાં ...ર જણાય તો જાણવું જે ઢોરને કોઈ પણ રોગ થયોછે ખરો. હવે ...ગ થયો છે તે ચેપી છે કે નહીં તે નક્કી કરવું જોઇએ. તેને માટે ...જે જો એકી વખતે ઘણાં જાનવરો માંદાં પડે, અને તે માંદાં પડેલાં ...ધાં એકજ જાતના ચિન્હ બતાવે (એકજ ચેપી રોગ હોયતો) અને ...ખતે કદાચ ઘણાં જાનવરો મરી પણ જાય (કાળીઆ રોગમાં એમજ ...) તો જાણવું જે થયેલો રોગ ચેપીછે, ચેપી રોગછે એમ નક્કી કર્યા ... તે રોગ કયોછે તે જાણવા માટે આ ચોપડીની મદદ લેવી ને તે રોગ મટાડવાને તથા વધુ ફેલતો અટકાવવાને તે રોગને માટે બતાવેલા ઈલાજ ...રવા જોઇએ.

...ચેપી રોગ ફાટી નીકળ્યો હોય તેવા વખતે જો જાનવરના દાક્તરની ...ગે તો તેના કહેવા પ્રમાણે દવા દારૂ કરવાં ને જાનવરોનાં માલિકોએ ...જતનું કામ કરવું.

...રોમાં ઘણા ઘણા ચેપી રોગો થાયછે, પરંતુ આપણા દેશમાં જે ...ય અને ઘણી વાર જોવામાં આવેછે તેવા રોગનુંજ વર્ણન કર્યું છે. ...માં આવેલા દરેક રોગને માટે મોટું પુસ્તક લખી શકાય પણ ...જેમ બને તેમ નાનું કરવાના વિચારથી ટુંકામાં સમાવેશ કર્યોછે.

ચેપી રોગો.

૧ મરકી.

(... Plague.)

૧ રોગને "માતા," "કાલેરા" (ઢોરનો) "રૂમડો," એ વિગેરે નામથી આ
ખેછે. એરોગમાં એકી વખતે ઘણાં ઢોર સપડાયછે ને તેમાંથી સેંકડે ૬૦ થ
૭૦ જેટલાં મરી જાયછે. એ રોગ ઘણોજ ચેપીછે. ખોરાક, હવા, પાણ
વિગેરે મારફ્તે એ રોગનો ચેપ એક જાનવરથી બીજા જાનવરને લાગેછે
ચેપ લાગ્યા પછી આઠથી દસ દિવસની અંદર રોગ શરૂ થયાનાં ચિન
જણાયછે. જો માંદા ઢોરની બરાબર સંભાળ લેવામાં આવે અને તેઓને અનુ
કૂળ પડતો ખોરાક તથા દવા ખવરાવવામાં આવે તો થોડાં ઘણાં સારાં થાયછે

કારણ—આ રોગ પેદા થવાનાં ઘણાં કારણોછે પરંતુ તેમાંનાં મુખ
૧ ખરાબ ખોરાક ખવરાવ્યાથી. ૨ ગંદુ પાણી પાવાથી. ૩ અસ્વચ્છ હવામ
રાખવાથી. ૪ ઘણી મહેનત કરાવાવાથી. ૫. એક સાંકડી જગ્યામાં ઘણ
જાનવરોને સાથે રાખવાથી. ૬ ચેપ લાગવાથી. વિગેરે.

ચિન્હ—શરૂઆતમાં તાવ આવેછે ને તેથી શરિર ગરમ લાગેછે. ર
સ્તાઈ અને બેચેનાઈ માલમ પડેછે. મોઢું ગરમ રહેછે. તરસ ઘણી લા
મુશ્કેલીથી ખાયછે ને બરાબર વાગોળતું નથી. ચામડીપરના વાળ ઉભા થા
નાડી જલદી ચાલેછે. આંખ નાકમાંથી પાણી નીકળેછે. કાન લબડી પડે
જાનવર નબળું પડી જાયછે. શ્વાસો શ્વાસ જરા ઝડપથી ચાલેછે. એકદ
પાણી જેવો ઝાડો વારવાર થાયછે (એ ચિન્હ મુખ્ય છે) અને તેની અ
દર કોઇવાર થોડુંક લોહી હોયછે અને કેટલીક વાર ચરબી જેવો નાનો
ફેદ પદાર્થ જણાયછે. અધેલું છાણ ઘણી ખરાબ વાસ મારેછે. મોઢામાં
હીની લાલ રેખો બાઝેછે ને જો બારીક તપાસ કરવામાં આવે તો મોઢ
કેટલીક વાર ચાંદી જોવામાં આવેછે. ઘણીકવાર આગલા દાંત હલાવ્ય
હાલેછે. કોઈ કોઇ વાર શરિરના કેટલાક ભાગ ઉપર ચાંદા પણ નજરે
છે. આખરે જાનવર અતિશય નબળું થવાથી પડી રેહેછે ને ઉઠી શકતું
ખાવાનું તદન બંધ કરે છે ને શરીરની એકંદર સપાટી તથા પગ, કા
હું, શિંગડાં ઠંડાં પડી જાય છે ને એથી ૭ દીવસની અંદર મરણ

જે ગાયોને એ રોગ થયો હોય તેઓમાં દુધ ઓછુ થઇ
ને કેટલીક તરવાઇ જાયછે.

ઉપચાર—શરૂઆતમાં જો એ રોગ છે એમ જાણવામાં
તુરત સુરોખાર તોલો ૧, શુંઠ તોલો ૦ાા, કપૂર તોલો ૦ાા, કરિઆ
તોલો ૧. ગામઠી દારૂ તોલા ૪, એ પ્રમાણે દવા લેઈ ચોખાની કાં

પાલા ૫, શુંઠ તોલો ૧, એ દવાઓને એકઠી કરી ચોખાની કાંજી શેર બેમાં મેળવી પાઈ દેવી.

જો ઝાડો ઘણો થતો હોય તો ઉપરની દવા નહીં આપતાં નીચે પ્રમાણે આપવું.

અફીણ તોલો. ०।.	સુંઠ · તોલો. ०॥
સફેતો (ચાક) તોલા. ૩.	કરીઆતુ ,, ૧
ગુંદર તોલો ०॥.	ચોખાની કાંજી શેર. ૨

ઝાડો બંધ થાય તો ઉપરની દવા આપવી જોઇએ નહીં.

શરીર ઉપર ચાંદા પડયાં હોય તો તેને પેહેલાં ચોખ્ખા પાણીથી ધોયા પછી, એક ભાગ ટરપીટન ને ૧૨ ભાગ તેલમાં સારી પેઠે મેળવી દીવસમાં બેવાર ચોપડવું. જો મળી શકે તો ઉપલા તેલમાં થોડુંક કપૂર પણ નાંખવું.

હલકો અને પાચન થઈ શકે તેવોજ ખોરાક આપવો જોઇએ ને તે દુધમાં ચોખાની કાંજી કરી પાવી એ વધારે પસંદ કરવા જોગછે.

જયાં સુધી ઝાડો નહીં થતો હોય ત્યાં સુધી થોડું થોડું ચોખ્ખું પાણી ...ું. પણ જો ઝાડો થતો હોયતો પાણીને બદલે કાંજી આપવી જોઇએ.

સુચના—જે ઢોર એ રોગથી સારાં થાય ત્યાર પછી તેની પાસે પં... દિવસ સુધી કામ કરાવવું નહીં. પણ તે દરમ્યાન દાણાની અંદર એક ...ો હિરાકશી ને અડધો તોલો સુંઠ મેળવી દર રોજ ખવરાવવું.

માંદા ઢોરનું દુધ, માંસ ખોરાક તરિકે ઉપયોગમાં લેવાં નહીં. પણ જો ...જેતું જણાય તો ઘણી વાર સુધી ઉકાળ્યા પછી ખપમાં લેવું. રોગ...લાવ અટકાવવા માટે પાછળ જે નીયમો આપ્યા છે તે બરાબર પાળ...જએ.

૨. મોવાસો.

(Foot & Mouth Disease.)

...ઈ કોઈ ઠેકાણે "ખરવાસ," "મોખરવાસ," પણ કહેછે.

... ચેપી રોગ ગુજરાતના કોઈ કોઈ ભાગમાં હમેશાં જોવામાં ...ને તેથી ઘણાં ઢોર હેરાન થાયછે. આ રોગથી જોકે ઘણાં ...તાં નથી તોપણ જે ઢોરને એ રોગ થયો હોય તેની જો બરાબર ...માં આવે નહીં તો તેઓ ઘણાં હેરાન થઇ અશક્ત થઈ જાયછે. ... સેહેલા ઉપાયોથી સટી, ...ે ને તેનો વધુ ફેલાવો થતો ...

...દાર તથા માવજત કરવામાં આવે તો તેઓમાં કામ કરવાના ... ટી વધેછે ને ગાયો તથા ભેંસો વધારે દુધ દેછે ને ફક્ત સેંકડે દસ ટકા જેટલાંજ મરી જાયછે.

કારણ—૧ જાનવરની બરાબર સંભાળ ન રાખે. ૨ તેઓને ખરાબ ખોરાક ખવરાવે. ૩ ગંદુ પાણી પાય. ૪ ખોરાકમાં એકાએક ફેરફાર કરવામાં આવે. ૫ ચેપ લાગે. જે ઢોરને ચેપ લાગેછે તેને ૩ થી ૬ દિવસની અંદર રોગ થઈ આવેછે.

ચિન્હ—એ રોગનો બહોળો ફેલાવો હોવાથી સાધારણ લોકો પણ તુરત ઓળખી શકેછે. માટે એ રોગનાં ચિન્હો લંબાવી લખવાની જરૂર જણાતી નથી પરંતુ, મુખ્ય ચિન્હ નીચે પ્રમાણે છે.

જાનવર ખાઈ શકતું નથી, મોઢામાંથી લાળ ગળ્યા કરેછે ને તેના તાર બંધાય છે. એ તાર જાનવર પોતાના હોઠ વારંવાર હલાવી ચુંસી લેછે. મોઢામાં ફોલ્લા અથવા ચાંદા જોવામાં આવેછે. પગ થોડા સોજી આવેછે. શરૂઆતમાં બે ખરીની વચ્ચેની ચામડી ભિની, સોજેલી તથા ગરમ... પડેછે. ત્યાર બાદ ખરીની વચમાં ફોલ્લા અથવા ચાંદા જોવામાં આવેછે. લંગડાય છે ને દુઃખ થવાને લીધે વારંવાર પગ હલાવ્યા કરેછે. જો જાનવર બરાબર સંભાળ લેવામાં નહીં આવી હોય તો તેના પગમાં જીવડા પણ પડે.

ગાયો તથા ભેંસોને એ રોગ થયો હોય તો ઉપલાં નિશાન શિ... તેઓનાં આંચળ અને કોઈક વખત હવાડુ (...ણ) પણ સોજીઆવેછે ને ... તે ઉપર ચાંદા પણ પડેછે. દુધ બધું કે થોડું ...ણું ઓછું થાયછે. આ કોઈ વાર એકલા પગમાંજ જોવામાં આવેછે ... કોઈવાર ફક્ત મોઢ... જણાય છે. પણ ઘણી ખરી વખત મોઢામાં અને પગમાં બેહુ ઠેકાણે.

ઉપચાર—જે ઢોરને એ રોગ થયો હોય તેને દરરોજ એ... નીચે પ્રમાણેની દવા પાવી જોઇએ.

દારૂ તોલા ૫. મીઠું તોલા ૨ અથવા સુરોખાર તોલો ૧.
સુંઠ ,, ૧. ચોખાની કાંજી શેર ૨ માં મેળવી પાવું.
કરીઆતુ ,, ૧.

જો મોઢામાં ચાંદા અથવા ફોલ્લા હોય તો દિવસમાં બે... ...ડી અથવા મીઠાંના પાણીથી મોઢું ધોવું. હલકો ખોરાક અને કુમળું લીલું ઘાસ ખવરાવવું.

)

...વું જ્યાં જીવડા મરીજશે. જીવડા ન હોય તો એ દવા લગાડવી નહીં, પણ પેહેલ વેહેલાં પગ ઉના પાણીથી ધોઈ સાફ કરી તે ઉપર વિલાયતી ડામર લગાડવો. જો ડામર ન મળે તો ફટકડીના પાણીથી દહાડામાં ત્રણ ચાર વાર પગ ધોયા પછી મીઠા તેલમાં થોડુંક કપુર નાંખી ચોપડ્યા કરવું. ગાયો તથા ભેંસોના આંચળ અને હવાડાં (અડાણ) ઉપર આ પ્રમાણે તેલ ચોપડવુ પણ તે પેહેલાં થોડું ઘણું પણ દુધ હોય તો તે દોહી કહાડવું. પગની અંદર ધુળ, કચરો વિગેરે ભરાય નહીં તથા માંખી વિગેરે બેસે નહીં તેને માટે પાટો બાંધવો જરૂરનો છેઃ જો પગે ઘણું દુઃખ થતું હોય તો દહાડામાં ત્રણ ચાર વાર પોટીશ કરવો. જો પગમાં ગુમડું જણાય તો તેને ફોડવું ને પરૂ કાઢી નાંખવું. ત્યાર પછી ચોખ્ખાં પાણીથી સાફ કરી ઉપર કહેલું તેલ લગાડ્યા કરવું. જો ખરીનો થોડો ભાગ છેક છુટો જણાય તો તેને ચપ્પુથી કાપી નાંખવો.

સુચના—આ રોગ વાળી ગાયો તથા ભેંસોનું દુધ વાછરડાં વિગેરેને નહીં કારણ કે એવું દુધ પાવાથી ઝાડો વિગેરે થાયછે ને મરી જાયછે. દુધનો ઉપયોગ માણસોએ પણ કરવો જોઇએ નહીં.

૩. કાળીઓ રોગ.

(Anthrax.)

આ રોગ ઘણો ચેપી છે અને કોઈક ઠેકાણે, "ઓદ્રો" તથા "આફરો" નામથી ઓળખે છે. મુખ્યત્વે કરીને જુવાન અને મજબૂત ઢોરને થાયે રોગ એકાએક થઇ આવેછે ને માંદાં ઢોરમાંથી લગભગ બધાં મરી

...

...ણ—૧ દિવસના ઘણો તાપ પડે ને રાતના ઠંડી પડે. ૨ જ્યાં ...ઈ રેહેતું હોય એવી જગ્યામાં ચરાવવાથી. ૩ હલકા ઉપરથી ...ક ખવરાવ્યાથી. ૪ ખરાબ ખોરાક તથા પાણીથી. વિગેરે.

...—એકાએક ઢોર સુસ્ત અને સ્તબ્ધ થઈ જાયછે અને મુશ્કેલીથી ...છે, જોત જોતામાં પુંઠાં, કમ્મર, ગળું, તથા જીભ વિગેરે ઠેકાણે સોજો થઈ આવેછે. સોજો વધતો જાયછે ને ઠંડો થાયછે. ...ને હાથ ફેરવ્યો હોય તો તડતડ અવાજ થાયછે.

...જાવાળા ભાગને ચપ્પુથી ...વામાં આવે તો કાળું ફિણ ...

સોજો વધીને આખા શરીર ઉપર ...

વર કદરૂપું દેખાયછે. જેવો રોગ થયો કે સુમાર કલાક ... ઢોર મરણ પામે છે.

વળી કોઇવાર ચક્કર આયછે, પેટમાં શૂળ નાંખેછે, છાણમાં લોહી પણ પડેછે; વળી ઝડપથી શ્વાસ લેછે; જાનવર કણતું હોય તેમ અવાજ સંભળાય છે ને તુરત મરી જાયછે. કોઈવાર મોત થતાં પેહેલાં ગળી જતું જણાયછે. કાળીઆ રોગવાળાં ઢોરની આંખ, મોઢું અને (ગાય ભેંસ હોયતો) યોનીની અંદરની બાજુ એ વિગેરે ઠેકાણે જોવાથી કાળા જાંબુઆ રંગના ડાઘા જણાશે. ને જો બારીક તપાસ કરી જોયું હોય તો કાળી ફોલ્લીઓ પણ જોવામાં આવશે.

ઉપચાર—જો શરૂઆતમાં રોગ ઓળખવામાં આવે ને સોજો ચઢયો નહીં હોય તો અળશીનું તેલ શેર ૧ લેઈ તેમાં સુંઠ ૧ થી ૨ તોલા સુધી મેળવી પાઈ દેવું. સોજા હોય તો દિવસમાં ત્રણવાર ચોખ્ખા પાણીમાં ચાર તોલા મીઠું અથવા સુરોખાર તોલા ૨, પીગળાવી પાયા કરવું. સોજા ઉપર ટરપીટન અને તેલ દિવસમાં ત્રણ ચાર વાર ઘસવું અથવા તો લોખંડ તપાવીને ડામ દઈ દેવા. ખોરાક બદલી નાંખી, હલકોને સેહેલાઇથી પાચન તેવો ખોરાક આપવો.

સૂચના—આ રોગ વાળાં ઢોરનું માંસ તથા દૂધ (જો હોય તો બિલકુલ ઉપયોગમાં લેવું નહીં. જે ઢોર એ રોગથી મરી જાય તો મુડદાંને બાળી નાંખવાં જોઇએ પણ જો તેમ કરવામાં હરકત નડે તો ઉ ખાડો ખોદી મુડદાંની ચામડી ઉપર ...પુથી કાપ મેલી (જેથી ચમાર લે ચામડાંનો ઉપયોગ કરી શકે નહીં) ઉપર ...ચે મીઠું અથવા કળી નાંખી દાટી દેવાં. ચામડાં, હાડકાં તથા ઉન, (...ટાંને પણ આ રોગ થ વિગેરે બીલકુલ ખપમાં લેવાં નહીં. માંદાં ઢોરનાં ઉપયોગમાં લેવાયલ ...ડાં, ટોપલા, નાથ, તથા ખાતાં બાકી રહેલો દાણો અને ઘાસ બાળી

૪. ફેફસાનું દરદ.

(Pleuro pneumonia.)

કોઈ કોઇ ઠેકાણે "ફીફરી" અને "પ્લુરો" પણ કહેછે.

આ ચેપી રોગ કોઈકજ વખત થાયછે પણ જ્યારે થાયછે અટકાવ થતાં ઘણી લાંબી મુદત થાયછે.

કારણ—૧. ખરાબ ખોરાક, ૨. ખરાબ હવા, ૩. ખરા... વારંવાર અતિશય દુધ કાઢવાથી, ૫. ઠંડી અને ભેજવાળી ...

...ગી ... , ૭. અને હવા ...

...હેરાના અંદર રોગ થઈ આવેછે.

ચીન્હ—સાધારણ માણસને એકાએક માલમ પડવો મુશ્કેલછે પરંતુ જો બારિક તપાસ કરવામાં આવે તો નીચે જણાવેલાં ચિન્હમાંના થોડાં ઘણાં પણ જોવામાં આવશે ખરાં.

શરૂઆતમાં તાવ આવેછે. ચામડી તંગ થઈ જાયછે ને તે ઉપરના વાળ ઉભા જણાયછે. ઘણો ખરાબ ઠાંસો થાયછે ને તેથી જાનવરને ઘણું દુઃખ થાય છે. જ્યારે જાનવર શ્વાસ બહાર કાઢેછે ત્યારે એક જાતનો અવાજ થાયછે. શ્વાસોશ્વાસ અને નાડી ઝડપથી ચાલેછે જાનવરની પાંસળી વચ્ચે જોરથી દબાવીએ તો તેને ઘણું દુઃખ થાયછે. જમીન સાથે છાતી રાખીને કે એક બાજુ ઉપર પડી રહેછે. આખરે શ્વાસ લેવો ઘણો કઠણ પડેછે ને કોઇવાર ૮ થી ૧૦ દિવશના અંદર મરી જાયછે.

ઉપચાર—ગામઠી દારૂ—તોલા. ૬
સુંઠ. „ ૧
કરીઆતુ „ ૨
મીઠું. „ ૩
પાણી. શેર. ૧
} દિવશમાં એકવાર પાવું.

બેહુ બાજુંએ ગરમ પાણીથી દિવશમાં બેવાર શેક કરવો ને એક ભાગ પીટન ને ૧૦ ભાગ તેલ સાથે મેળવી દહાડામાં બે ત્રણવાર સારી રીતે ...વું. હલકો ખોરાક આપવો ને સારૂં પાણી પાવું.

૫. ગૌ શીતળા.

(Variola.)

કોઈ ઠેકાણે "શીળી" પણ કહેછે.

એ રોગ શરૂઆતમાં ગાયોમાં થઇ આવેછે. બળદોમાં ઘણું કરી એની ...ો નથી પરંતુ ગાયોનો ચેપ લાગ્યાથી થાયછે. ઘણીખરી વખત જો ...ંધીઆર જગ્યામાં રાખી હોય તો એ રોગ પોતાની મેળે ઉત્પન્ન ... ઢોરને એકવાર એ રોગ થયો હોયછે તેને બીજીવાર થતો નથી. ... સપડાયલાં બધાં ઢોર મરી જતાં નથી; પણ લગભગ બધાં સારાં ...માં એ રોગ બહુ નુકશાન કારક છે કારણ કે સપડાયલાં બધાં ...યછે

...આંચળ ઉપર અને કોઈ કોઈવાર હવાડાં (અડાણ) ઉપર શરૂઆ...ા થઈ આવેછે. ત્યારબાદ ત્યાં નાના નાના ઢેકા થાયછે ને તેમાં ... અને થોડા દિવસ ...

શિતળા કાઢવાના ઉપયોગમાં લેવાય છે) ।

ત્યાર બાદ શામળા ભુરા રંગની પોપડી બાઝેછે ને એ પોપડી થોડા દેવસમાં ખરી પડ્યા પછી નાનો ખાડો ચામડીની સપાટી ઉપર જોવામાં આવેછે. જો રોગ સખત હોય તો તાવ આવેછે. આંખ, નાક, ને મોઢામાંથી પાણી નીકળે છે ને કોઈ કોઈવાર પેટમાં દુઃખેછે ને ઝાડો પણ થાયછે.

ઉપચાર—દુધ દોહી કાઢવું. આંચળ, હવાડું (અડાણુ) વિગેરે સાફ રાખી તે ઉપર માંખીએસે નહીં તેવી ગોઠવણ કરવી. ખોરાક હલકો ને સેહેલથી પાચન થાય તેવો આપવો. જે માણસ આજારી ગાયોને દોહોતો હોય તેની પાસે સારી ગાય દોવરાવવીજ નહીં. માંદી ગાય દોહ્યા પછી હાથ પગ વિગેરે ગરમ પાણી ને સાબુથી ધોવા જોઇએ.

સૂચના—આ રોગ વાળી ગાયોનું દુધ બીલકુલ ખોરાક તરિકે વાપરવુંજ નહીં. અને જો વાપરવામાં આવે તો શિતળા આવ્યા વિના રેહેશે નહીં.

૬ ક્ષય.

(Tuberculosis.)

આ રોગ ઘણાં ઢોરોને થાયછે.

કારણ—૧. ખરાબ જગ્યામાં રાખવાથી. ૨ ઠંડી અને શરદીથી. ૩ અતિશય દોહોવાથી. ૪ વંશ પરંમપરા વારસામાં મળવાથી વિગેરે.

ચિન્હ—જે ઢોરની છાતી સાંકડીને પગ લાંબા હોયછે તેઓને ઘણ વાર થાયછે. ચામડી તંગ અને સુકી હોયછે ને તે ઉપરના વાળ ઉભા રે ખોખરો ઠાંસો ખાયછે. દમ ઝડપથી લેછે. શરિર ઉપર કોઇ વાર જુ અ ચાંચડ જોવામાં આવેછે. દિવસે, દિવસે, નબળાઈ વધતી જાયછે ને અ મરણ પામેછે.

દુધ—આ રોગવાળી ગાય અને ભેંસોનું દુધ ભુરા રંગનું તેની વાસ ગમતી નથી. થોડી વારમાં ખાટું થઈ બગડી જાયછે. જો દુધનું પનીર કે માખણ કરવામાં આવે તો સારૂં થતું નથી.

ઉપચાર—સારી હવા, પૌષ્ટિક ખોરાક ને બીજા સારાં જાનવરોથી

સૂચના—આ રોગવાળાં ઢોરોનું દુધ અને માંસ ખોરાક પયોગમાં લેવુંજ નહીં. અને જો એવું દુધ, માંસ ખાવામાં આ [illegible] રોગ થયા વિના [illegible] નથી.

...ા ફેલાવો થતો અટકાવવાના ઈલાજ

જ્યારે જ્યારે ચેપી રોગ ફેલાય ત્યારે તેનો અટકાવ કરવો એ મુખ્યછે અટકાવ કર્યા વિના સપડાયલાં ઢોરને દવાદારૂ કરવાં કાંઈ જરૂરનાં નથી. તેથી પેહેલાં રોગ અટકાવવાનો નિશ્ચય કરવો જોઇએ ને તેને માટે નીચે નિયમો લખ્યાછે તે બરાબર પાળી શકાય તે સારૂ ગામના ડાહ્યા માણસોએ અગર પંચે સમજુતીથી ગોઠવણ કરવી.

૧. સાજાં ઢોરને માંદાંથી જુદાં પાડવાં એ પ્રથમનું છે. અને તેઓ વચ્ચે આશરે ૨૦૦ થી ૩૦૦ કદમનું છેટું રાખવું. કોઈ પણ રીતે અરસ પરસ એકઠાં થવા દેવાં નહીં.

૨. જે બાજુ તરફથી પવન ફુંકાતો હોય તે તરફ સાજાં ઢોરને રાખવાં અને જે તરફ પવન જતો હોય ત્યાં આગળ માંદાં જાનવરને રાખવાં. ઢોરો... ...વાની જગ્યા છાયાંવાળી હોવી જોઈએ અને તેમાં પવન સારીરીતે ...જા કરી શકે તેવી ગોઠવણ કરવી.

૩. સાજાં ઢોરને દિવસમાં બે વાર તપાસવાં. ગંધકની ધુણી આપવી ...માંથી જેને રોગ થયેલો જણાય અથવા તો રોગ થશે એવો શક આવે તો ...જાનવરને સાજાં ઢોરથી જુદું કાઢવું ને ત્યાર પછી સાજાં ઢોરને ...કની ધુણી આપવી. આવી રીતે જ્યાં સુધી ફેલાયલો રોગ તદન નાબુદ ... ત્યાં સુધી કર્યા કરવું.

૪. બીજા ગામનાં ઢોરને હરકોઈ રીતે પોતાના ગામનાં ઢોર સાથે ...થવા દેવાં નહીં. તેમજ ગામનાં ઢોર જ્યાં ચરતાં તથા પાણી પીતાં ... બહારના ઢોરને ચરવા કે પાણી પીવા દેવું નહીં.

...સાજાં ઢોરને હલકો સેહેલાઇથી પાચન થઈ શકે તેવો ખોરાક આ... ...ચોખ્ખું ગાળેલું પાણી પીવા આપવું અને એ પીવાના પાણીમાં ... નાંખવું.

...માંદાં ઢોરને ચરવા મોકલવાં નહીં. તેઓને ગામના હવાડા, ત...દી વિગેરે ઠેકાણે પાણી પાવું નહીં. તેઓને પાતળી ચોખાની ...ઘાસ ખવરાવવું. અને જ્યાં રાખ્યાં હોય ત્યાં આગળ પાણી... નાંખી વાસણમાં પાણી પાવું જોઈએ.

...ઢોરનું ખાતાં વધેલું ઘાસ તથા દાણો સાજાં ઢોરને ખવ...

નહીં પણ તે બાળી નાંખવાં. માંદાં ઢોરનું છાણ ... રાખવા નહીં પણ બાળી મુકવાં અથવા ઉંડો ખાડો ખોદી દાટવાં.

૮. માંદાં ઢોરના ઉપયોગમાં લેવાયલી વસ્તુઓ જેવી કે દોરડાં, નાથ મોહોડા, ખાવા પીવાના વાસણ, ટોપલા વિગેરે સાજાં ઢોરના ઉપયોગમાં વાપરવા નહી પણ બાળી મુકવાં, લોઢાંની સાંકળ જેવી ચીજોને દેવતામાં ગરમ કરી ધોયા પછી ફરીથી ઉપયોગમા લેવી.

૯. માંદા ઢોરમાથી જેઓ તદન સારાં થાય તેઓને ઉના પાણી અને સાબુ-ગો ધોઈ નાખવાં ને ગંધકની ધુણી આપવી. ત્યાર પછી તેઓને માંદાં સાથે ભેગાં થવા દેવા નહીં.

૧૦. માંદા ઢોરને રાખવામાં આવેલી જગ્યા જેવી કે તબેલા, વાડા, કોઢ, ડેલા વિગેરે સાજાં ઢોરના ઉપયોગમા લીધા પહેલા, તેની દિવાલો તથા લકડ અને લોખંડ કામને ઉના ખળખળતા પાણીથી સારી પેઠે ધોઈ નાખવું જોઇએ તળીઆની જમીન બે ત્રણ ફુટ ખોદી નાખવી અને તે માટી ઉંડો ખાડો ખોદી દાટી દેવી. ખોદેલી જમીન ઉપર બીજી નવી માટી નાંખી સારી ટીપી સખત કરવી જોઇએ. ત્યારબાદ દિવાલોને કળી ચુનાથી ધોળાવવી બે ત્રણ દિવસ સુધી રોજ ત્રણ ચારવાર બારી બારણા બધ કરી, ગંધકની ધુણી કરવી ને તે પછી બારી બારણા ખુલ્લા રાખવા કે પવન અને ... છુટથી અંદર આવ જા કરી શકે.

૧૧. માંદા ઢોરની માવજત કરનાર નોકર ચાકરને સાજાં ઢોર હરકોઈ પણ કામ સારૂ જવા દેવા નહી. પણ જો કદાચ જરૂર પડે તો કપડા બદલી નાખી, હાથ, પગ, ગરમ પાણીને સાબુથી ધોવા અગર ... એવા નોકરના કપડા વિગેરે [illegible] શકે તો બાળી મુકવાં. નહી તો ખળખળતા પાણીમા થોડીવાર બોળી રાખવા અને ત્યારપછી તેને ખુટ જેવી વસ્તુઓ કે જે બોળી શકાય નહિ તેને ગંધકની ધુમ્રકળ ઘણીવાર સુધી રાખવાં.

૧૨. માંદાં ઢોરનું દુધ, માંસ, ખાવું નહીં, વેચવું નહીં જાનવરને ખવરાવું નહી.

૧૩. જે ઢોર મરી જાય તેની ચામડી, હાડકાં, શિંગડાં ... દેવાં નહીં (મુખ્યત્વે કરીને ક્ષય, મરકીને કાળીઆ રોગમાં) ... અગર ઉંડો ખાડો ખોદી મુડદાંની ચામડી ઉપર મોટા ...

ચૂના નાંખી એકાંત જગ્યામાં દાટી દેવાં જો

૧૪. જ્યારે ચેપી રોગ ચાલતો હોય ત્યારે જાનવરોના બજાર તથ મેળા ભરાતા હોય તો તે બંધ કરવા જોઇએ અને કોઇએ પોતાનું ઢોર વેચવું નહીં તેમ બીજું ખરીદ પણ કરવું નહી.

૧૫. માદાં ઢોર પાસે કાંઇ પણ કામ કરાવવું નહીં. અને જ્યારે તેઓ રોગથી સાજા થાય ત્યાર પછી ઓછામાં ઓછા પંદર દિવસ સુધી કામમાં-જોડવાં નહીં પરંતુ તે દરમ્યાન સારો પુષ્ટીકારક ખોરાક ખવરાવવો અને દા-ણાની અંદર દરરોજ એક તોલો હિરાકશી ને એક તોલો શુંઠ ખવરાવવાં.



જુલ, દવા વિષે. વિગેરે, વિગેરે, વિગેરે. ૨. નાળ મારવા વિષે. કેવી કેમ નાળ મારવી વિગેરે.

એ શિવાય ઘોડી અને વછેરાંના ખાસ રોગ, ખાસ બીમારી, જુદી જાતના ખોરાક, મસાલા, ગોળીઓ વિગેરે ઘણી બાબતોનો સમાવેશ કર્યાથી પુસ્તક આશરે ૩૦૦ પૃષ્ઠનું થશે. સાધારણ વાંચનારને પણ સમજણ પડે હેતુથી ખાસ આ પુસ્તક માટે જુદી જુદી "આકૃતિઓ" જેવી કે, ઘોડાનું હાડપિંજર, અંદરના અવયવોનો દેખાવ, ઘોડાના જુદા જુદા ભાગોની ઓળખ મળે તે ભાગોની આકૃતિ, નાળ ખીલા, મુકીઓ, ગોળી આપવાનાં કડાં, પીચકારીઓ વિગેરેની આકૃતિઓ ઘણા ખરચે તૈયાર કરાવી છે. આગાઉથી ગ્રાહક થનાર પાસેથી ફક્ત રૂ. ૧–૮–૦. ટપાલ ખર્ચ જુદું. ગ્રાહકના નામો પુસ્તકની સાથે અમર કરવામાં આવશે.

મારેજ મારાં બનાવેલાં પુસ્તકનાં વખાણ કરવાં તેનાં કરતાં એ પુસ્તક માટે અનુભવીઓના મળેલા અભિપ્રાયમાંના સ્થળ સંકોચને લીધે ફક્ત એકજ નીચે આપ્યો છે તો તે ઉપરથી સભ્ય સદ્‌ગૃહસ્થોએ પુસ્તક કેવું છે તે ધારી લેવું. મારે તો માત્ર એટલુંજ કહેવાનું કે દરેક ઘોડાના માલીકે આ પુસ્તક અવશ્ય રાખવું જોઇએ.

અમદાવાદ. }
ડીસેમ્બર ૧૮૯૧. }

જગન્નાથ લિ. કેશવરામ ભટ્ટ.
જી. બી. વી. સી.
વેટેરીનરી સરજન અમદાવાદ.

મુંબાઈ વેટેરીનરી કોલેજ.
તા. ૮ મી ઓગસ્ટ ૧૮૯૧.

મારા વહાલા ભટ.

મેં તારૂં પુસ્તક તપાસ્યું છે, તેનીગોઠવણ ઘણી સરસ છે અને વિષયો સારા પસંદ કર્યા છે. ઘોડા વિશેનું ગુજરાતીમાં આવું ઉમદા પુસ્તક મેં કદી જોયું નથી. એ પુસ્તક દરેક ઘોડાના [illegible] રાખવા લાયક છે. એ પુસ્તકનો લાભ સાધારણ લોકો પણ આપી [illegible] હેતુથી મારી તને ભલામણ છે કે, તેની કીંમત જેમ બને તેમ ઓછી રાખવી. સઘળાં દેશી રાજ્યોએ આ પુસ્તકને આશ્રય આપવો ઘટે છે અને ગ્રંથ કર્તાને બીજાં એવાં પુસ્તક પ્રગટ કરવાને ઉત્તેજન આપવું જોઇએ.

(સહી) એસ. કે. નરીમાન
એમ. ડી.; બી. એસ.; એલ. વી. એસ. સી.; એમ. એમ. એન્ડ એસ.
એક્ટીંગ પ્રિન્સિપાલ.
[illegible]ટેરીનરી કોલેજ—મુંબાઈ.

જાહેર ખબર.

ઢોરના ચેપી રોગ.

અને તે

અટકાવવાના ઇલાજ.

મે અને મારા મિત્ર રા પુરૂષોતમ વિ. દેવજી મનીઆરે "પશુ વૈદ્ય" ામનું માસિક ચોપાનિયું પ્રગટ કરવા નિશ્ચય કરેલો પરંતુ પુરતાં ગ્રાહક ાહીં થવાથી હાલ તુરત તે વિચાર મોકુફ રાખ્યો તે ઉપરથી જે ઇષ્ટ મિત્ર અને સદ્‌ગૃહસ્થો તરફથી "પશુવૈદ્ય" પ્રગટ કરવાને ભલામણ કરવામાં આવેલી તેઓએ પશુ વૈદ્ય વિદ્યાના સાધારણ ઉપયોગી ગ્રંથો પુસ્તકના આકારમાં છપાવી પ્રસિદ્ધ કરવા અતિ આગ્રહ કર્યો અને મને પણ લાગ્યું જે આપણા દેશની દોલત જે ગરિબ બિચારાં અવાચક પશુઓ, તેમને રોગના સપાટામાંથી બચાવવાને અને તેઓના રોગોનું દુઃખ નિવારણ કરવાને પશુના માલિકોજ શક્તિવાન થાય તે હેતુથી ઉપયોગી પુસ્તકો પ્રગટ કરી દેશની સેવા બજાવવી તે ઉપરથી આ નાની પણ અતિ ઉપયોગી ચોપડી પ્રગટ કરીછે. તો આશા છે કે દયાળુ ગૃહસ્થો યોગ્ય ઉત્તેજન આપશે. આ ચોપડીમાં ફક્ત ઢોરના ચેપી રોગનુજ વર્ણન કર્યું છે. પણ બીજું પુસ્તક ઘોડાના રોગ વિગેરે માટે એ નામનું તૈયાર કર્યુંછે. અને તેમાં નિચે બતાવેલા વિષયોનો સમાવેશ કર્યો છે.

અશ્વ વિદ્યા.

ભાગ ૧ લો. ૧. ઘોડાની ઉત્પત્તિ, કુદરતી ...વ, ઓળખાણ, સારા ...ાની ઓળખ, ચાલ વિગેરે. ... લેવાને ઉછેરવા વિષે ૩. સ્વારી ...ને હાંકવા વિષે. જીન વિગેરેની ...ળ. ૪. ઘોડાના દુર્ગુણ અને કટેવ. ...ગેરે વિગેરે.

ભાગ ૨ જો. ૧. શારિર શાસ્ત્ર. [Anatomy] ૨. ઇંદ્રિય વિજ્ઞાન શાસ્ત્ર [Physiology.] દાંત અને ઉમર વિષે.

ભાગ ૩ જો. ૧. ઘોડાને માટે દેશી અને ઇંગ્રેજી દવા તેના ગુણ દોષ, બનાવટ, માત્રા વિગેરે. ૨. વ્યાધિ. દરેક જાતના રોગ તેના કારણ, ચિન્હ ઉપચાર દેશી અને ઇંગ્રેજી. સાધારણ માણસથી થઇ શકે ... ક્રિયા વિગેરે. ૩. ઝેર. (જુદી જુદી જાતનાં) ...

ભાગ ૪ થો. ૧. આરો... ...ાણો ...પવું, રાખવાની જગ્યા...